RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 176* Date: 24.04.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે.**

## કલમ ૩૭૦ હટાવ્યા બાદ પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ એપ્રિલે જમ્મુ કાશ્મીરની મુલાકાતે



શ્રીનગર,તા.૨૩

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ એપ્રિલે રાજ્યની મુલાકાતે આવશે. તેઓ સાંબા જિલ્લામાં પંચાયતી રાજ દિવસ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે. જેમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને ગ્રામીણ વિકાસ પંચાયતી રાજ મંત્રી ગિરિરાજ સિંહ હાજર રહેશે. કલમ ૩૭૦ હટાવ્યા બાદથી મોદી જમ્મુ-કાશ્મીર પર ચાંપતી નજર રાખી રહ્યા છે. અગાઉની સરખામણીમાં રાજ્યમાં આતંકવાદ લગભગ ખતમ થવાના માર્ગે છે. વડાપ્રધાન અહીં રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની અનેક વિકાસ પહેલોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ એપ્રિલના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે. મોદી અહીંથી દેશભરની તમામ ગ્રામસભાઓને સંબોધિત કરશે. વડાપ્રધાન સાંબા જિલ્લાની પલ્લી પંચાયતની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન લગભગ રૂ. ૨૦,૦૦૦ કરોડના મૂલ્યની અનેક વિકાસ પહેલોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ અમૃત સરોવર પહેલ પણ લોન્ચ કરશે. ઓગસ્ટ ૨૦૧૯ માં જમ્મુ અને કાશ્મીરના સંદર્ભમાં બંધારણીય સુધારાઓ (કલમ ૩૭૦ નાબૂદ) ની રજૂઆત પછી, કેન્દ્ર સરકારે શાસનમાં સુધારો કરવા અને પ્રદેશના લોકો માટે જીવનની સરળતા વધારવા માટે વ્યાપક ફેરફારો કર્યા છે. રાજ્યમાં જે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ થઈ રહ્યો છે તે રાજ્યનું જીવન બદલી નાખશે.

વડાપ્રધાન રાતલે અને ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે. કિશ્તવાડ જિલ્લામાં ચેનાબ નદી પર આશરે રૂ. ૫,૩૦૦ કરોડના ખર્ચે ૮૫૦ મેગાવોટની રેટલ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવશે. કિશ્તવાડ જિલ્લામાં ચેનાબ નદી પર ૫૪૦ મેગાવોટનો ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ પણ રૂ.થી વધુના ખર્ચે બાંધવામાં આવશે. તેની કિંમત ૪૫૦૦ કરોડ છે. બંને પ્રોજેક્ટ ક્ષેત્રની વીજ જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.

પ્રધાનમંત્રી જળાશયોને પુનર્જીવિત કરવા માટે અમૃત સરોવર નામની નવી પહેલ પણ શરૂ કરશે. તે દેશના દરેક જિલ્લામાં ૭૫ જળાશયોને વિકસાવવા અને તેને પુનર્જીવિત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વડાપ્રધાન મોદી ૩૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલ બનિહાલ કાઝીગુંડ રોડ ટનલનું ઉદ્ઘાટન કરશે. ૮.૪૫ કિમી લાંબી ટનલ બનિહાલ અને કાઝીગુંડ વચ્ચેનું રોડ અંતર ૧૬ કિમી સુધી ઘટાડશે. તેનાથી મુસાફરીનો સમય લગભગ દોઢ કલાક ઓછો થશે. બનિહાલ કાઝીગુંડ રોડ ટનલ એક ટ્વીન ટ્યુબ ટનલ છે. એટલે કે મુસાફરીની દરેક દિશા માટે એક – જાળવણી અને કટોકટી ખાલી કરાવવા માટેની ટ્વીન ટ્યુબ દર ૫૦૦ મીટરે ક્રોસ પેસેજ દ્વારા જોડાયેલ છે.

આ ટનલ જમ્મુ અને કાશ્મીર વચ્ચે તમામ હવામાનમાં કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં અને બંને પ્રદેશોને નજીક લાવવામાં મદદ કરશે.વડાપ્રધાન દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેના ત્રણ રોડ પેકેજનો શિલાન્યાસ કરશે. તેની કિંમત લગભગ ૭૫૦૦ કરોડ રૂપિયા છે. આ ૪/૬ લેન એક્સેસ નિયંત્રિત દિલ્હી-કટરા-અમૃતસર એક્સપ્રેસવેના બાંધકામ માટે છે.

## ભારતમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૨૭ નવા કેસ,૩૩ લોકોના મોત



નવીદિલ્હી,તા.૨૩

ભારતમાં ફરી એકવાર કોરોનાનો કહેર વધવા લાગ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૫૨૭ નવા કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા શનિવારે જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૩ લોકોના મોત થયા છે. દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૧૫,૦૭૯ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૬૫૬ દર્દીઓ કોરોના સંક્રમણમાંથી સાજા થયા છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર દેશમાં રિકવરી રેટ ૯૮.૭૫% છે. લોકોને અત્યાર સુધીમાં ૧૮૭.૪૬ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

દેશની રાજધાનીમાં પણ કેસ ઝડપથી વધી રહ્યા છે. શુક્રવારે દિલ્હીમાં એક હજારથી વધુ કોરોના કેસ નોંધાયા હતા.દિલ્હીમાં સકારાત્મકતા દર ૪.૬૪ ટકા પર પહોંચી ગયો છે.દિલ્હીમાં કોરોનાના કેસ છેલ્લા અઢી મહિનામાં સૌથી વધુ બન્યા છે. જ્યારે સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા (દિલ્હી કોવિડ કેસ) હજારને વટાવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦૪૨ નવા કોરોના કેસ સામે આવ્યા છે,

## કોવિશિલ્ડનું ઉત્પાદન બંધ: ૨૦ કરોડ ડોઝના સ્ટોકનું 'ડોનેશન' કરવા તૈયારી



નવીદિલ્હી,તા.૨૩

ભારત અને વિશ્વમાં કોરોનાના સંક્રમણ સમયે સુરક્ષાના સૌથી કારગર નિવડેલી કોવિશિલ્ડ વેકસીનનું ઉત્પાદન હાલ બંધ કરી દેવાયુ છે. પુનાની સીરમ ઈન્સ્ટીટયુટે ૧ અબજ ડોઝથી વધુનું ઉત્પાદન કર્યુ હતું. બ્રિટનની ઓકસફર્ડ યુનિ. તથા એસ્ટ્રાજેનેકા લેબ દ્વારા આ વેકસીન સંયુક્ત રીતે તૈયાર કરાઈ હતી અને વિશ્વના સૌથી મોટા વેકસીન ઉત્પાદક તરીકે પુનાની સીરમ ઈન્સ્ટીટયુટે તેનું ઉત્પાદન કરીને ભારત અને વિશ્વમાં સપ્લાય કરી હતી અને દુનિયાની સૌથી મોટી કોવિડ વેકસીન ઉત્પાદક કંપની બની હતી પણ હવે કોવિડનું સંક્રમણ ઘટતા વેકસીનની માંગ ઘટી છે.

સીરમના સીઈઓ અદર પુનાવાલાએ કહ્યું કે અમારી પાસે હાલ કોવિશિલ્ડના ૨૦ કરોડ ડોઝનો સ્ટોક છે અને અમોએ ડિસેમ્બર ૨૦૨૧થી જ આ વેકસીનનું ઉત્પાદન બંધ કરી દીધું છે. અમો આ ડોઝમાં હવે જેઓ મફતમાં વિતરણ કરવા માંગતા હોય તેને ફ્રીમાં પણ આપવા તૈયાર છીએ. કોવિશિલ્ડના ઉત્પાદન પછી તેની શેલ્ફ લાઈન (એકસપાયરી ડેઈટ) ૯ માસની છે. સીરમ દુનિયાભરની અનેક પ્રકારની બીજી વેકસીન પણ બનાવે છે. જો કે વિશ્વમાં હજું પણ ગરીબ દેશોના કરોડો લોકો વેકસીન અપાઈ નથી. શ્રી પુનાવાલાએ કહ્યું કે માસ વેકસીનેશનના કારણે ભારત આજે કોવિડના મુકાબલામાં વિશ્વના અન્ય દેશો કરતા સારી સ્થિતિમાં છે

આજે પણ કોરોનાની ધીમી લહેરમાં લોકોને હોસ્પિટલમાં જવાની જરૂર પડતી નથી અને સરળતાથી સ્વસ્થ થઈ જાય છે. તેઓએ કહ્યું કે હવે બુસ્ટર ડોઝ જરૂરી છે જે કોરોનાના ભવિષ્યના વેરીએન્ટ સામે પણ રક્ષણ આપશે અને તેથીજ અમોએ સરકારને વિનંતી કરી હતી કે દેશમાં બુસ્ટર ડોઝ તમામ માટે ઉપલબ્દ બનાવવાનું જરૂરી છે. આપણે તેમાં પાછળ છીએ પણ હજું પણ નવી લહેર પુર્વે તે શકય બની જશે. તેઓએ કહ્યું કે બુસ્ટર ડોઝ માટે હાલ બીજા ડોઝ પછી જે ૧૫ માસનો સમય છે તે ઘટાડીને છ માસનો કરવા અમોએ સરકારને ભલામણ કરી છે.

## નીતિ આયોગના ઉપાધ્યક્ષ પદ પરથી રાજીવ કુમારે રાજીનામું આપ્યું

નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. નીતિ આયોગ દેશ માટે યોજનાઓ બનાવવાનું કામ કરે છે. રાજીવ કુમાર છેલ્લા ઘણા વર્ષોથી આ પદ પર હતા. જો કે રાજીનામા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. નીતિ આયોગનું નેતૃત્વ વડાપ્રધાન કરે છે. અભિકાંત નીતિ આયોગના સીઈઓ છે. રાજીવ કુમાર નીતિ આયોગના બીજા ઉપાધ્યક્ષ હતા. ૨૦૧૪માં પહેલીવાર સત્તામાં આવ્યા બાદ મોદી સરકારે પ્લાનિંગ કમિશનનું નામ બદલીને નીતિ આયોગ કરી દીધું. આ પછી અરવિંદ પનાગરિયા નીતિ આયોગના પ્રથમ ઉપાધ્યક્ષ બન્યા.પનાગરિયાએ રાજીનામું આપ્યા પછી રાજીવ કુમાર ૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ નવા ઉપરાષ્ટ્રપતિ બન્યા. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે. આ કમિશન દેશ માટેની મુખ્ય નીતિ નક્કી કરવાનું કામ કરે છે.

રાજીવ કુમાર અગાઉ એફઆઈસીસીઆઈના જનરલ સેક્રેટરી હતા. ૧૯૯૫ થી ૨૦૦૫ સુધી તેમણે એશિયન ડેવલપમેન્ટ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે કામ કર્યું. તેઓ ૧૯૯૨ થી ૧૯૯૫ સુધી નાણા મંત્રાલયના આર્થિક સલાહકાર પણ હતા. ૭૦ વર્ષીય રાજીવ કુમારે લખનૌ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પીએચડી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ડી ફિલ કર્યું છે.

## પ્રશાંત કિશોર પણ કમાલ કરી શકશે નહીં : ભાજપ અને ટીએમસીનો અભિપ્રાય

નવીદિલ્હી,તા.૨૩

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર કોંગ્રેસમાં જોડાય તેવી અટકળો ચાલુ છે. આવી ચર્ચાઓ અને અંદાજની વચ્ચે ભારતીય જનતા પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં જોડાવાથી કોંગ્રેસને કોઈ વિશેષ લાભ થશે નહીં. નોંધનીય બાબત એ છે કે હાલમાં કિશોર સતત કોંગ્રેસના મોટા નેતાઓને મળી રહ્યા છે. તે અગાઉ બિહારમાં સત્તારૂઢ જેડીયુનો પણ ભાગ રહી ચુક્યો છે.

ટીએમસીના જનરલ સેક્રેટરી કુણાલ ઘોષે કહ્યું, 'ચૂંટણી રણનીતિકાર કિશોર ક્યારેય ટીએમસીમાં જોડાયા નથી. તે અમારા રાજકીય વિશ્લેષક હતા. પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં જોડાવા અંગે તેમણે કહ્યું કે, પ્રશાંત કિશોર ચૂંટણી રણનીતિકાર છે. તેઓ ટીએમસીના નેતા નથી. તે કોઈપણ પક્ષ સાથે વાત કરી શકે છે. આપણે જાણીએ છીએ કે કોંગ્રેસનો નિષ્ફળતાનો ઈતિહાસ રહ્યો છે. તેની છબી ખરડાયેલી છે. ત્યારે જો કોંગ્રેસ પોતાને પુનર્જીવિત કરવા માંગે છે તો તે પ્રયત્ન કરી શકે છે. જો કે અમારું મુખ્ય ધ્યાન ભાજપને હરાવવા ઉપર છે. 'ટીએમસી બંગાળની જેમ મજબૂત છે. અને જો કોંગ્રેસને લાગે છે કે તે ભાજપને હરાવીને લડી શકે છે, તો તેમનું સ્વાગત છે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં કિશોર ટીએમસીએ ટીએમસી સાથે કામ કર્યું હોવાની વાત પણ ઉમેરી હતી. જયારે બીજેપી નેતા મનોજ તિગ્ગાનું કહેવું છે કે, 'કોંગ્રેસ ફરીથી જીવિત થવાની નથી. ભારત એક લોકશાહી દેશ છે અને કોઈપણ વ્યક્તિ તેને ગમતા પક્ષમાં જોડાઈ શકે છે. પરંતુ કોંગ્રેસની વાપસી હવે મુશ્કેલ છે. વર્ષ ૨૦૨૪માં ફરી એકવખત ભાજપ જ જીતશે.

## ઇસરો અદયક્ષ એસ.સોમનાથ અને મહારાષ્ટ્ર્નાં સાંસદને વીઆઇપી સુરક્ષા મળી

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રના સાંસદ નવનીત રાણા અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના અધ્યક્ષ એસ. સોમનાથને કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય સશસ્ત્ર દળોની 'વીઆઈપી' સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગયા અઠવાડિયે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીઓની અલગ-અલગ ભલામણો સ્વીકાર્યા બાદ બે માણસોને સુરક્ષા પૂરી પાડી હતી જેણે સંભવિત સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને તેમને અર્ધલશ્કરી કમાન્ડોનું સશસ્ત્ર સુરક્ષા કવચ પ્રદાન કરવાની તરફેણ કરી હતી.મહારાષ્ટ્રની અમરાવતી સીટના લોકસભા સભ્ય નવનીત રાણાને 'વાય' શ્રેણીની સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અંતર્ગત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના લગભગ ત્રણથી ચાર સશસ્ત્ર કમાન્ડો તેમની સુરક્ષા કરશે.મુંબઈ પોલીસે સાંસદ અને તેમના પતિ અને વિધાનસભ્ય રવિ રાણાને નોટિસ પાઠવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ખલેલ ન પહોંચાડવા જણાવ્યું કારણ કે તેઓ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાનની બહાર ૨૩ એપ્રિલે 'હનુમાન ચાલીસા'નું પઠન કરવાનું આયોજન કરી રહ્યા છે.

## રામ મંદિર, સીએએ, ટ્રિપલ તલાક અને કલમ ૩૭૦નો નિર્ણય થઈ ગયો; હવે કોમન સિવિલ કોડનો વારો છે : અમિત શાહ

ભોપાલ,તા.૨૩

દેશમાં ટૂંક સમયમાં કોમન સિવિલ કોડ (સમાન નાગરિક સંહિતા) લાગુ થઈ શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે તેમની ભોપાલ મુલાકાત દરમિયાન આ સંકેત આપ્યા હતા. ભોપાલમાં ભાજપ નેતાઓની બેઠકમાં તેમણે કહ્યું હતું કે સીએએ, રામમંદિર, કલમ ૩૭૦ અને ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓનો નિર્ણય થઈ ચૂક્યો છે. હવે વારો કૉમન સિવિલ કૉડનો છે. આ પહેલાં તેમણે રાજ્યના સિનિયર નેતાઓને પૂછ્યું હતું કે શું દેશમાં બધું બરાબર છેને એ પછી તેમણે કૉમન સિવિલ કૉડ (સમાન નાગરિક સંહિતા) વિશે વાત કરી હતી. પાર્ટી ઑફિસમાં કૉર કમિટી અને ટોચના નેતાઓ સાથેની બેઠકમાં તેમણે કહ્યું હતું કે ઉત્તરાખંડમાં કોમન સિવિલ કોડ પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવામાં આવી રહ્યો છે. આ માટેનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જે બાકી છે એ પણ ઠીક કરી દેવામાં આવશે, પણ તમારે એવું કોઈ કામ નથી કરવાનું, જેનાથી પાર્ટીને નુકસાન પહોંચે.

આ પહેલાં તેમણે રાજ્યના વરિષ્ઠ નેતાઓને પૂછ્યું હતું કે શું દેશમાં બધું સારું છે? આ પછી તેમણે કોમન સિવિલ કોડના મુદ્દા પર ચર્ચા કરી હતી. શાહે કહ્યું હતું કે આગામી ચૂંટણી પહેલાં રાહુલ ગાંધીને કોંગ્રેસના અધ્યક્ષ બનાવી દેવામાં આવશે, પણ ચિંતા કરવાની જરૂર નથી. કોંગ્રેસ હજુ વધુ નીચે આવશે. કોઈ પડકાર નથી. બેઠકમાં મધ્યપ્રદેશ ભાજપના વડા વી. ડી. શર્મા, મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની સાથે પાર્ટીના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

એના અમલીકરણ સાથે, લગ્ન, છૂટાછેડા, ઉત્તરાધિકાર, દત્તક જેવા સામાજિક મુદ્દાઓ દેશમાં એક સમાન કાયદા હેઠળ આવશે. આમાં ધર્મના આધારે કોઈ કોર્ટ કે કોઈ અલગ વ્યવસ્થા રહેશે નહીં. બંધારણની કલમ ૪૪ તેને બનાવવાની સત્તા આપે છે. કેન્દ્ર સરકાર સંસદ દ્વારા જ એનો અમલ કરી શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રોડ શોમાં મુસ્લિમ મહિલાઓએ પણ ફૂલોની વર્ષા કરી હતી. કાશ્મીરી પંડિતોએ પણ શાહનું સ્વાગત કર્યું હતું. આઝાદી પહેલાં હિંદુઓ અને મુસ્લિમો માટે અલગ-અલગ કાયદા અમલમાં હતા. એની સામે સૌપ્રથમ મહિલાઓએ વિરોધ કર્યો હતો. ત્યારે ભાજપે એને પોતાના ત્રણ મુખ્ય મુદ્દામાં સમાવેશ કર્યો હતો. આ મુદ્દો ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના ઢંઢેરામાં પણ સામેલ હતો.

શાહે કહ્યું હતું કે જાતિવાદ હવે દેશની વાસ્તવિકતા છે, તેથી આ પ્રમાણે ગણતરી કરીને દરેક જ્ઞાતિના આગેવાનને પદ અને મહત્ત્વ આપવું પડશે. ભાજપ વિધાનસભા ચૂંટણીમાં હારી ગયું હતું, પરંતુ મત ટકાવારી ઊંચી હતી. ભૂલો થઈ હતી, જેની સમીક્ષા કરવામાં આવી હતી. હવે મુખ્યમંત્રીના પ્રયાસોથી લોકોનો જનમત વધી રહ્યો છે. આ કવાયતમાં સંગઠનની ભૂમિકા આવશ્યક છે. માત્ર સરકારના કામથી ચૂંટણી જિતાતી નથી. સંગઠનની તાકાત ચૂંટણી જિતાડશે.

તેમણે કહ્યું કે દિલ્હીમાં કાર્યકરોથી મોટા નેતાઓનું અંતર વધ્યું. માન ઘટ્યું. શિસ્તનો અભાવ હતો. મધ્યપ્રદેશમાં આવી સ્થિતિ ન હોવી જોઈએ. સંગઠનની દૃષ્ટિએ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ અને રાજસ્થાન ઉદાહરણો છે. એને જાળવી રાખો. સત્તાના લાભાર્થી નેતાઓ પરઃ સભામાં જેટલા લોકો છે તેઓ સત્તાના લાભાર્થી છે. પછી સીએમ તરફ જોઈને કહ્યું હતું કે આ સૌથી મોટા લાભાર્થી છે. હવે તેમને બૂથ પર જવાની જરૂર છે. દરેક નેતાએ ૧૦ બૂથની મજબૂતાઈનું લક્ષ્ય રાખવું જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# શ્રીલંકા અને પાકિસ્તાનની હાલતના બોધપાઠ

*શ્રીલંકામાં આર્થિક સંકટની સ્થિતિ કેટલાંય વર્ષોથી બની રહી હતી, તેથી મહામારી કે યુક્રેન યુદ્ધ પર તમામ દોષ ન મઢી શકાય. આ બે બાહ્ય કારકો છે અને નિશ્ચિતપણે તેની પણ અસર રહી હશે, પરંતુ આ સુવિધાજનક રાજકીય બહાનાં પણ છે. એ સાચું કે મહામારીને કારણે પર્યટનથી થનારી કમાણી લગભગ શૂન્ય થઈ ગઈ. અન્ય દેશોમાં કાર્યરત શ્રીલંકન કામદારોની રોજી છૂટી જવાથી બહારથી પણ પૈસા આવવા ઓછા થઈ ગયા છે. આ કામદારો લગભગ આઠ અબજ ડોલર દર વર્ષે મોકલતા હતા. આ બે કારણોસર અર્થવ્યવસ્થાને ભારે નુકસાન થયું છે. રહી-સહી કસર તેલની વધતી કિંમતોએ પૂરી કરી દીધી, કારણ કે શ્રીલંકા સંપૂર્ણરીતે આયાતી તેલ પર નિર્ભર છે, પરંતુ જે તબાહી અને અસ્થિરતા આપણે અત્યારે જોઈ રહ્યા છીએ, તે કેટલાંય વર્ષોથી તૈયાર થતી હતી. બાહ્ય આર્થિર્ક ઝટકા એ કારણે ભારે સાબિત થયા, કારણ કે અર્થવ્યવસ્થાના ઘરેલુ આધાર પહેલેથી જ સતત કમજોર થતા હતા. જો કોઈ અર્થવ્યવસ્થામાં ઓછા અને સંભાળી શકાય તેવા આર્થિક નુક્સાનની સ્થિતિ નથી, કે યોગ્ય મુદ્રા ભંડાર નથી કે ફુગાવો નિયંત્રણમાં નથી કે કરાધાન ઠીક નથી, તો જરા સરખો આંતરિક કે બાહ્ય ઝાટકો પણ આર્થિક સંકટની સ્થિતિ પેદા કરી શકે છે.*

*અર્થવ્યવસ્થાના સ્વાસ્થ્યમાં પતન મુખ્ય રૂપે લોકરંજક આર્થિક નીતિઓ તથા ખરાબ આર્થિક સંકેતો પ્રત્યે બધાની લાપરવાહીને કારણે થયું છે. દાખલા તરીકે સામાન્ય રીતે વૃદ્ધિના સમયે મોટા આર્થિક નુક્સાનને એમ કહીને નજરઅંદાજ કરી દેવામાં આવે છે કે આ આર્થિક વિકાસ માટે જરૂરી છે. નાણાંકીય નુક્સાનની એવી સ્થિતિ ખર્ચ વધવા કે કરોમાં કપાતથી આવે છે. અને આ જ રાજપક્સે સરકારે ૨૦૧૯માં કર્યું હતું. એ વર્ષે નવી બનેલી સરકારે લોકોને લલચાવવા માટે કરોમાંકપાત કરી હતી. વેટને અડધો કરી દેવામાં આવ્યો અને કેપિટલ ગેઇન ટેક્સ સંપૂર્ણ રીતે નાબૂદ કરી દીધો. શીર્ષ નેતૃત્વની રીતભાતો વિચિત્ર હતી. ચાર ભાઈઓમાંથી એક રાષ્ટ્રપતિ, એક વડાપ્રધાન, એક નાણાંમંત્રી અને એક કૃષિ મંત્રી બની ગયા. ખેલ મંત્રી તેમનો એક ભત્રીજો છે. એવા ભાઈ-ભત્રીજાવાદના વાતાવરણમાં યોગ્ય રીતે લોકતાંત્રિક શાસનની અપેક્ષા કેવી રીતે કરી શકાય? ટીકા અને અસહમતિ લોકતાંત્રિક વિમર્શના જરૂરી તત્ત્વ છે અને જ્યારે તેમને દબાવવામાં આવે છે તો પતન સુનિશ્ચિત થઈ જાય છે.*

*શ્રીલંકાની આર્થિક લાપરવાહી કેટલાય પહેલાં શરૂ થઈ ગઈ હતી. તે પોતાની ભારે લોનના હપ્તા ચૂકવવાની સ્થિતિમાં નથી. તેનો જીડીપી લગભગ ૮૦ અબજ ડોલર છે, જ્યારે તેની ઉપર ૫૧ અબજ ડોલરનું મોટું દેવું છે. હપ્તો નહિ ચૂકવવાતી દેશનું રેટિંગ ઘટતું જશે અને તેણે ભવિષ્યમાં લોન લેવી મુશ્કેલ થઈ જશે. શ્રીલંકાએ સંપ્રભુ ડોલર બોન્ડ જારી કરવાનો જોખમી રસ્તો અપનાવ્યો હતો અને ૨૦૦૭થી તેણે તેના દ્વારા ૧૨ અબજ ડોલરથી વધારેની લોન લીધી છે. તેમાંથી ૪.૫ અબજ ડોલર આ વર્ષે ચૂકવવાના હતા. પરંતુ દેશ પાસે ફક્ત બે અબજ ડોલરની વિદેશી મુદ્રા જ બચી હતી. સામાન્ય સ્થિતિમાં જૂનાં દેવાં ચૂકવવા માટે દેશ નવું દેવું કરી શકતો હતો, પરંતુ આજે નાણાંકીય અને ચાલુ ખાતા ખાધ, ૧૯ ટકાથી વધારેનો ફુગાવો અને કલાકો સુધી વીજળી ગુલ રહેવા જેવી સ્થિતિઓને જોતાં કોઈપણ વિદેશી જાણીજોઈને એવું નહીં કરે. સંપ્રભુ ડોલર બોન્ડથી વિદેશી મુદ્રા એકત્ર કરવાનો રસ્તો લોભામણો લાગે છે, પરંતુ એ ખતરનાક પણ થઈ શકે છે. શ્રીલંકા પહેલો દેશ નથી, જે વિદેશી બોન્ડ રોકાણકારો દ્વારા મધદરિયે છોડી દેવામાં આવ્યો હોય. શ્રીલંકાની હાલત આર્જેન્ટિનાના વિદેશી વિનિમય સંકટની જેમ ખરાબ થઈ શકે છે. સંપ્રભુ ડોલર બોન્ડ જારી કરવાની યોજના બનાવી રહેલા ભારત માટે આ સ્થિતિ એક ચેતવણી બની શકે છે. જ્યારે તમે કોઈ અન્ય મુદ્રા ઉધારમાં લો છો, તો તમારી પાસે દેવામાંથી બહાર નીકળવા માટે તેનાથી ફરી જવા કે એ મુદ્રાને છાપવાની સ્વતંત્રતા નથી હોતી.*

# હેજિંગ અને ટ્રેડિંગ કરવા માટે સોનાના મિની ઓપ્શન્સની નવતર શરૂઆત

## કોમોડિટીની પાઠશાળા

**નૈમિષ ત્રિવેદી**

આપણે સૌ જાણીએ છીએ કે ભારતીય કોમોડિટી વાયદા બજાર વર્ષ ૨૦૦૩થી કાર્યરત છે, જેમાં અલગ-અલગ કોમોડિટીના વાયદાના વેપાર ખૂબ જ તરલતાપૂર્વક અને સરળતાથી થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં સેબી દ્વારા કોમોડિટી વાયદાના ઓપ્શન્સને પણ કામકાજ માટે મંજૂરી આપવામાં આવી અને દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ દ્વારા ૧૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ધનતેરસના શુભ દિવસે સોનાના વાયદા પરના વિકલ્પ (ઓપ્શન્સ ઓન ફ્યૂચર્સ) દ્વારા ઓપ્શન્સનો શુભપ્રારંભ થયો. ત્યારબાદ અન્ય કોમોડિટીઝના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ પણ શરૂ કરવામાં આવ્યા અને ધીમે-ધીમે ઓપ્શન્સમાં બજારના સહભાગીઓનના રસ, રૂચિ અને ભાગીદારી વધતા જોવા મળી રહ્યા છે.

તાજેતરમાં ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ ઉપરાંત ચાંદીમાં મિની ઓપ્શન્સમાં વેપારીઓનો વિશેષ ઈન્ટરેસ્ટ જોવા મળ્યો છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને એક્સચેન્જ દ્વારા વધુ એક કોમોડિટીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સની શરૂઆત થવા જઈ રહી છે.

હા, મિત્રો, એમસીએક્સ દ્વારા આગામી ૨૫ એપ્રિલ, ૨૦૨૨ને સોમવારથી ગોલ્ડ-મિનીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. તો આવો, આજે આપણે આ સોનું-મિનીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ વિશેની જાણકારી અને તેનો ઉપયોગ હેજિંગ અને ટ્રેડિંગ માટે કઈ રીતે કરી શકાય તેની વિસ્તૃત માહિતી મેળવીએ.

ઓપ્શન ઓન ફ્યૂચર્સ

સૌપ્રથમ આપણે એ જાણીએ કે એમસીએક્સ ગોલ્ડ-મિનીના ઓપ્શન્સ એ 'ઓપ્શન ઓન ફ્યૂચર્સ' છે એટલે કે ઓપ્શન કોન્ટ્રેક્ટની પાકતી તારીખે આપની પોઝિશન જો નફામાં હોય તો તેને વાયદાની પોઝિશનમાં ડિવોલ્વ (રૂપાંતર) કરી દેવામાં આવે છે. આનો બીજો મતલબ એ પણ થઈ શકે કે, આમાં કોઈ ફિઝીકલ ડિલિવરીની લેવડ-દેવડ કરવાની રહેતી નથી. ઓપ્શન્સ ટ્રેડર્સ માટે આ એક બહુ મોટું કારણ બની રહેશે, કેમ કે તેમને ઓપ્શન્સની પોઝિશન હેજ કરવા માટે વાયદાની મદદ મળી રહેશે અથવા બીજી રીતે કહીએ તો હેજર્સ વાયદા અને ઓપ્શનમાં અરસ-પરસ પોઝિશન ઓફસેટ કરી શકશે.

નાની લોટ સાઈઝ

એમસીએક્સ સોનું-મિનીના વાયદા કરાર (ગોલ્ડ-મિની ફ્યૂચર્સ કોન્ટ્રેક્ટ) ઘણા વર્ષોથી ચાલી રહ્યા છે અને ખૂબ જ ઊંચી તરલતા ધરાવે છે. આનું મુખ્ય કારણ તેની લોટ સાઈઝ (કે જે ફક્ત ૧૦૦ ગ્રામની છે) હોઈ શકે છે. સોનું-મિની ઓપ્શન્સની લોટ સાઈઝ પણ ૧૦૦ ગ્રામની જ રાખવામાં આવી છે, એટલે કે જેટલી વાયદાની લોટ સાઈઝ છે એટલી જ નાની લોટ સાઈઝ સોનું-મિની ઓપ્શન્સની રાખવામાં આવી છે. જેના પરિણામે નાના જ્વેલર્સ અથવા રિટેલ રોકાણકારો ઉપરાંત ઈન્ટ્રા-ડે ટ્રેડર્સ અને ડેલ્ટા હેજર્સ પણ આનો સરળતાથી ઉપયોગ કરી શકે છે.

ઓછા માર્જિનની જરૂરિયાત

અત્યારે જ્યારે પીક માર્જિનનાં નિયમો લાગૂ પાડવામાં આવ્યા છે, ત્યારે બજારના સહભાગીઓ હંમેશા ઓછા માર્જિનવાળી પ્રોડક્ટ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. જેમ ઉપર જણાવ્યું એ મુજબ ગોલ્ડ-મિનીના ઓપ્શનની સાઈઝ નાની હોવાને લીધે તેમાં માર્જિનની જરૂરિયાત ખૂબ જ નજીવી રહે છે.

દા.ત. ગોલ્ડ-મિનીનો વાયદાનો ભાવ રૂ.૫૨,૪૦૦ ચાલતો હોય તો રૂ.૫૩,૦૦૦ના કોલ ઓપ્શનનું પ્રીમિયમ લગભગ રૂ.૬૦૦ હોઈ શકે છે, એટલે કે કોઈને ૧ લોટ મિની ઓપ્શનનનો કોલ ખરીદવો હોય તો ફક્ત રૂ.૬,૦૦૦ (૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૦નું પ્રીમિયમ અને ૧૦૦ ગ્રામના લોટ સાઈઝની ગણતરી માટે ૧૦થી ગુણીએ)ની ચુકવણી કરીને રૂ.૫૩,૦૦૦નો કોલ ઓપ્શન ખરીદી શકાય છે. એવી જ રીતે રૂ.૫૨,૦૦૦ની મંદીનો ભાવ જો રૂ.૫૭૦ હોય તો ફક્ત રૂ.૫,૭૦૦ (રૂ.૫૭૦ને ૧૦ વડે ગુણીએ) ભરીને રૂ.૫૨,૦૦૦ની મંદીનો સોદો કરી શકાય છે.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે ઓપ્શન ખરીદનાર (કોલ અથવા પુટ બંને)ને ફક્ત પ્રીમિયમની ચુકવણી કરવી હોય છે, જે માર્જિનથી લગભગ દસમા ભાગનું હોય છે.

ટૂંકમાં કહીએ તો ઓછા રૂપિયામાં વધુ વળતર ગોલ્ડ-મિનીના ઓપ્શન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, કેમ કે ઓપ્શન્સમાં ફક્ત પ્રીમિયમનું રોકાણ કરીને પોઝિસન લઈ શકાય છે.

ઓછો ખર્ચ

ઓપ્શનના માધ્યમથી વેપાર કરવાનો સૌથી મોટો ફાયદો એ છે કે તેમાં વેપાર કરવાનો ખર્ચ ખૂબ જ ઓછો લાગતો હોય છે. એનું સૌથી મોટું કારણ એ છે કે તેમાં સીટીટી ફક્ત પ્રીમિયમના ટર્નઓવર પર જ લાગતી હોય છે, જે ખૂબ જ ઓછું મૂલ્ય ધરાવતું હોય છે. આમ, વાયદાની સરખામણીમાં ઓપ્શનમાં ખર્ચ નીચો હોવાને કારણે ઘણા ટ્રેડર્સ ઓપ્શન્સમાં કામ કરવાનું વધુ પસંદ કરતા હોય છે. એવું કહેવાય છે કે જેટલી બચત એટલી કમાણી. તમે પણ ગોલ્ડ-મિનીના ઓપ્શન્સ દ્વારા તમારી હેજિંગ કોસ્ટને નીચી લાવી શકો છો.

મન્થલી એક્સપાયરી

ઓપ્શન્સના વેપારમાં સમય ખૂબ જ મહત્વનો ભાગ ભજવતો હોય છે. ઓપ્શન્સના પ્રીમિયમ ટાઈમ વેલ્યૂ ઉપર ખૂબ જ નિર્ભર રહેતા હોય છે. જેમ સમય વધુ એમ જોખમ વધુ અને એટલે તેનું પ્રીમિયમ પણ વધુ રહેતું હોય છે અને એનાથી વિપરીત જેમ સમય ઓછો તેમ જોખમ ઓછું અને એટલે તેનું પ્રીમિયમ પણ ઓછું રહેતું હોય છે.

એમસીએક્સના ગોલ્ડ-મિનીના ઓપ્શન્સ મન્થલી એક્સપાયર થશે, એટલે કે એમાં દર મહિને એક્સપાયરી આવશે. મોટા ગોલ્ડ (સોનું-૧ કિલો)ની એક્સપાયરી દર બે મહિને હતી પણ મિની ગોલ્ડના ઓપ્શન્સની એક્સપાયરી (પતાવટનો છેલ્લો દિવસ) દર મહિને રહેશે.

દર મહિનાની પતાવટ હોવાથી મેગા અને મિની વચ્ચે આર્બિટ્રેજની તકો પણ ઉપલબ્ધ બનશે, કેમ કે એકમાં ૧ મહિનાનું પ્રીમિયમ હશે તો બીજામાં ૨ મહિનાનું પ્રીમિયમ હશે.

ઓપ્શનનો ઉપયોગ

બજારના સહભાગીઓ ઘણા અલગ-અલગ ઓપ્શન કોન્ટ્રેક્ટમાં સહભાગી બનતા હોય છે, જેમ કે કોઈને તેજી લાગતી હોય તો કોઈને મંદી લાગે, તો વળી કોઈને તેજી કે મંદી લાગતી ન હોય. આ તમામ ઉપરાંત ક્યારેક બજારમાં વધુ વધઘટ હોય તો ક્યારેક બજારમાં સીમિત રેન્જમાં વધઘટ હોય. તદઉપરાંત ક્યારેક એક્સપાયરીમાં વધુ સમય હોય તો ક્યારેક એક્સપાયરીની તારીખ ખૂબ જ નજીક હોય. ઉપર જણાવેલ દરેક તર્કને આધારે અલગ-અલગ સ્ટ્રેટેજીથી બજારના સહભાગી કામકાજ કરી શકે છે.

જો તમને તેજી લાગતી હોય તો તમે કોલ ઓપ્શન બાય કરી શકો છો અને જો તમને મંદી લાગતી હોય તો તમે પુટ ઓપ્શન બાય કરી શકો છો. અહિંયા ખાસ વસ્તુ એ ધ્યાન રાખવાની છે અ છે સમય મૂલ્ય એટલે કે ટાઈમ વેલ્યૂ અને વધઘટ એટલે કે વોલેટીલિટી.

જો તમને તેજી લાગતી ન હોય તો તમે કોલ વેચીને વેપાર કરી શકો છો. તેવી જ રીતે જો તમને મંદી લાગતી ન હોય તો તમે પુટ વેચીને વેપાર કરી શકો છો. અહિંયા જ્યારે તમે ઓપ્શન્સ વેચો છો ત્યારે વધઘટ વધવી ન જોઈએ નહિતર આમાં નુકસાન આવી શકે છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ઓપ્શન્સ વેચો ત્યારે જોખમ સંચાલન માટે હેજિંગ કરવું જરૂરી બને છે.

આમ, ઉપરની માહિતી પરથી એક બાબત કહી શકાય કે એમસીએક્સ દ્વારા ગોલ્ડ-મિનીના ઓપ્શન ઓન ફ્યૂચર્સ ભારતીય કોમોડિટી વાયદા બજાર માટે નવા પ્રાણ ફૂંકશે અને આ બજારને એક નવી ઉંચાઈ પર લઈ જવામાં મદદરૂપ પણ બનશે. સાથે-સાથે બજારના સહભાગીઓ ખાસ કરીને એક્સચેન્જના સભ્યો, તેમના ગ્રાહકો, બિઝનેસ પાર્ટનર્સ, ડિલર્સ, જ્વેલર્સ, ડેલ્ટા હેજર્સ, ઈન્ટ્રા-ડે ટ્રેડર્સ વગેરે તમામ માટે એક નવી તકનું નિર્માણ કરવામાં મદદરૂપ બનશે એવું કહી શકાય.

સોનું-મિની ઓપ્શન્સ વિશે મહત્વની માહિતી

સેગમેન્ટ : ઓપ્શન્સ ઓન ફ્યુચર્સ (OPTFUT)

સંજ્ઞા : સોનું-મિની (GOLDM)

ટ્રેડિંગનું એકમ : ૧૦૦ ગ્રામ

ક્વોટેશન : ૧૦ ગ્રામ

૧ રૂપિયાદીઠ નફો/નુકસાન : રૂ.૧૦

ટિક સાઈઝ : રૂ.૦.૫૦

ટિકદીઠ નફો/નુકસાન : રૂ.૫

સ્ટ્રાઈકની સંખ્યા : ૨૫ આઈટીએમ – ૧ એટીએમ – ૨૫ ઓટીએમ (કોલ અને પુટ) સ્ટ્રાઈક. કુલ ૫૧ કોલ અને ૫૧ પુટ સ્ટ્રાઈક.

સ્ટ્રાઈક ઈન્ટરવલ : ૧૦૦

ટ્રેડિંગનો સમય : સવારે ૯.૦૦ વાગ્યાથી રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી

પતાવટની પદ્ધતિ : એક્સપાયરી પર વાયદામાં ડિવોલ્વમેન્ટ (કોઈ ફિઝીકલ ડિલિવરી નથી)

સોનું-મિની ઓપ્શન્સના ફાયદાઓ

ખરીદનારાઓ માટે ઓછા પ્રીમિયમની આવશ્યક્તા

સીટીટીનો નીચો ખર્ચ

નીચા ટ્રાન્ઝેક્શન ચાર્જિસ

વૈશ્વિક બજારને કારણે સોનાના ભાવની વધઘટ

એફએન્ડઓ પોઝિશનમાં પોર્ટફોલિયો આધારિત માર્જિનના લાભો

સોનું-મિની, ગોલ્ડ-ગિની, ગોલ્ડ-પેટલના વાયદા કોન્ટ્રેક્ટ્સના ઉપયોગથી ડેલ્ટા હેજિંગ

# જી-૨૩ના નેતાઓને કોગ્રેસમાં કદ વેતરાઈ જવાનો ભય

નવીદિલ્હી,તા.૨૩

પ્રશાંત કિશોરના વિચારોને લઈને પક્ષમાં સર્વાનુમતિ સર્જાય તેના માટે સોનિયા ગાંધી દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. તેમની આ મહેનત ક્યાંક ને ક્યાંક રંગ લાવતી પણ દેખાય છે. વિરોધ હટ્યો છે પરંતુ હજી સંપૂર્ણ સમાપ્ત થયો નથી. પ્રશાંત કિશોરને જે પ્રતિસાદ મળી રહ્યો છે અને તેને જે મહત્ત્વ અપાઈ રહ્યું છે તે જોતાં જી-૨૩ના વરિષ્ઠ નેતાઓને પણ ભય લાગી રહ્યો છે કે પાર્ટીમાં તેમનું કદ વેતરાઈ શકે છે. પ્રશાંત કિશોરના આગમન પછી પક્ષમાં જે બદલાવ થવાનો છે તે કૉન્ગ્રેસના કેટલાક જૂનાજોગીઓની કારકિર્દી ખતમ કરી શકે છે. જ્યારે તેઓ વિરોધમાં હોય ત્યારે તેમની કારકિર્દી થવાની સંભાવના ઓર વધી જાય છે. કૉન્ગ્રેસના જૂનાજોગીઓ માટે આ સમય એ પૂરવાર કરવાનો છે કે તેઓ ખરેખર પક્ષને વફાદાર છે, સ્વાર્થના સગા નથી. પક્ષના ભલા માટે વ્યક્તિગત નુકસાન સહન કરવાની તૈયારી તેમણે બતાવવી પડશે.

કોંગ્રેસને સફળ બનાવવા માટે તેમાં યુવાનોની ભાગીદારી ખૂબ જરૂરી છે અને યુવાનો તેના તરફ ત્યારે જ ખેંચાશે જ્યારે તે આકર્ષક અને પરિણામદાયક પાર્ટી બનશે. કૉન્ગ્રેસ આ બધું કરી શકશે કે નહીં, તેનો નકશો આગામી મહીને ઉદયપુરમાં યોજાનારી ચિંતન શિબિરમાં મળશે. પ્રશાંત કિશોર કોઈપણ પ્રકારનું મહેનતાણું લીધા વિના દેશના સૌથી જૂના પક્ષના જીર્ણોદ્ધાર માટે તૈયાર થયા છે તે પણ નોંધપાત્ર અને સરાહનીય છે. તેઓ કૉન્ગ્રેસને મેરિટ આધારિત પક્ષ બનાવવા માગે છે. આવામાં જી-૨૩ના અસંતુષ્ઠ નેતાઓએ હવે સહકાર કર્યા વિના છૂટકો નથી.

# તેજસ્વી યાદવની ઈફતાર પાર્ટીમાં મુખ્યમંત્રી નીતીશ કુમાર પણ સામેલ થયા

પટણા,તા.૨૩

રાજદ નેતા તેજસ્વી યાદવે શુક્રવારે પટના ખાતે ઈફતાર પાર્ટીનું આયોજન કર્યું હતું જેમાં તમામ રાજકીય દળોના દિગ્ગજ નેતાઓ સામેલ થયા હતા.બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે પણ ભારે સુરક્ષા વચ્ચે તેજસ્વીની ઈફતાર પાર્ટીમાં શિરકત કરી હતી. ઈફતાર પાર્ટીમાં ચિરાગ પાસવાન, ભાજપના નેતા સૈયદ શાહનવાજ હુસૈન અને રાબડી દેવી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગત વખતે ગઠબંધનના ભંગાણના કેટલાક દિવસો પહેલા ૨૦૧૭માં રાબડી દેવીના નિવાસ સ્થાન ખાતે આયોજિત ઈફતારમાં નીતીશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

બિહાર વિધાન પરિષદના નેતા અને ભાજપના વરિષ્ઠ નેતા અવધેશ નારાયણ સિંહ પણ તેજસ્વીની ઈફતાર પાર્ટીમાં પહોંચ્યા હતા. તેજસ્વી યાદવના મોટા ભાઈ તેજ પ્રતાપ યાદવ અને લાલુ પ્રસાદ યાદવની દીકરી મીસા ભારતી પણ ઈફતાર પાર્ટીમાં હતી. નીતીશ કુમારે તાજેતરમાં જ સુશીલ મોદી દ્વારા આપવામાં આવેલી ઈફતાર પાર્ટીમાં હાજરી આપી હતી. સુશીલ મોદી પહેલા ધારાસભ્ય તરીકે અને પછી નાયબ મુખ્યમંત્રી તરીકે ઈફતારનું આયોજન કરતા આવ્યા છે. સુશીલ મોદીએ બુધવારે સાંસદ તરીકે ઈફતારનું આયોજન કર્યું હતું. મોદી છેલ્લા ૩૦ વર્ષોથી બિહારમાં ઈફતાર પાર્ટીનું આયોજન કરતા આવ્યા છે.

આયોજિત ઈફતારમાં મુખ્યમંત્રી નીતીશ કુમાર સહિત તેમના મંત્રીમંડળના મોટા ભાગના સહયોગીઓ અને રવિશંકર પ્રસાદ સહિત બિહાર ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સુશીલ મોદી અંજુમન ઈસ્લામિયા હોલમાં ઈફતારનું આયોજન કરે છે જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક મુસલમાનો ઉપસ્થિત રહે છે.

આ પ્રસંગે ભાજપના વરિષ્ઠ નેતા અને બિહારના ઉદ્યોગ મંત્રી શાહનવાજ હુસૈને મીડિયા સમક્ષ કહ્યું હતું કે, 'મુખ્યમંત્રી સાહેબ (નીતીશ કુમાર) ઈફતારમાં આવ્યા છે. અંજુમન ઈસ્લામિયા, જે એક ઐતિહાસિક સ્થળ છે, તે કેટલું સારૂં બની ગયું છે. અહીં ઈફતારની પહેલી દાવત યોજાઈ છે. સુશીલ મોદીજી છેલ્લા અનેક વર્ષોથી દાવત આપી રહ્યા છે. મુખ્યમંત્રી સાહેબ પોતે પણ ઈફતારની દાવત આપતા આવ્યા છે. કોરોના કાળ દરમિયાન ૨ વર્ષ આ આયોજન ન થયું.

આ વર્ષે અરૂણ સિન્હા, સુશીલ મોદી અને અમે મળીને આ દાવત આપી છે.' શાહનવાજ હુસૈને જણાવ્યું કે, 'અંજુમન ઈસ્લામિયા કેટલું બદલાઈ ગયું છે. આ એક ઐતિહાસિક સ્થળ છે. અહીં બહું મોટા લોકો આવી ચુક્યા છે. મૌલાના આઝાદ આવ્યા, અનેક દિગ્ગજ નેતાઓ આવ્યા.'આ તરફ મુખ્યમંત્રી નીતીશ કુમારે રિપોર્ટર્સ સાથે વાત નહોતી કરી. તેમને તોફાનો મામલે સવાલ કરવામાં આવ્યો હતો જેની અવગણના કરી હતી. તેઓ 'સૌને મારી શુભેચ્છાઓ' એમ કહીને ત્યાંથી નીકળી ગયા હતા.

# ઉત્તર પશ્ચિમમાં ભારતનાં મોટાભાગનાં સ્થાનો પર તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધશે

નવીદિલ્હી,તા.૨૩

નવી દિલ્હીઃ દેશભરમાં ગત ૩-૪ દિવસો દરમિયાન પ્રી મોનસૂન ગતિવિધિઓ જોવા મળી. વરસાદ અને ધૂળ ભરેલી હવા ચાલવાને કારણે તાપમાનમાં ઘટાડો આવ્યો. પણ ફરી એક વખત ભારે ગરમીનાં દિવસો સામે આવી રહ્યાં છે. હવામાન ખાતાએ ફરી એલર્ટ જાહેર કર્યું છે. આગામી ૫ દિવસમાં ઉત્તર ભારતનાં કેટલાંક વિસ્તારમાં તાપમાન ૩થી ૫ ડિગ્રી સેલ્સિયસ વધે તેવી શક્યતાઓ છે. હાલમાં પશ્ચિમ અને મધ્ય ભારતમાં તાપમાન વધુ રહેશે અહીં લોકોએ ભારે ગરમીનો પ્રકોપ સહન કરવો પડશે

દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસો દરમિયાન તાપમાનમાં ૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ આ વિસ્તારોમાં ફરી એકવાર ગરમીનું મોજુ પ્રવર્તશે. ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ગરમીથી રાહત મળવાની આશા નથી. અહીં ૨૬ એપ્રિલ સુધી ગરમી રહેશે. મધ્યપ્રદેશ અને દક્ષિણ, પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ ફરીથી ગરમીના મોજાને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

દિલ્હીમાં પારો ૪૪ ડિગ્રીને પાર પહોચ્યો- દેશની રાજધાનીમાં ફરી એક વખત આકરી ગરમીનો સામનો કરવો પડી શકે છે, કારણ કે હવામાન વિભાગએ આગામી સપ્તાહે અહીં પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આગાહી કરી છે.દિલ્હીમાં અંશતઃ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું જેના કારણે મોટાભાગના સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો.આઈએમડીએ આગાહી કરી છે કે આગામી પાંચ દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતના મોટાભાગના સ્થળો પર મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. આવતા ગુરુવારે દિલ્હીમાં પારો ૪૪ ડિગ્રીને સ્પર્શી શકે છે.

# અમદાવાદ જિલ્લામાં ઉશ્કેંરણીજનક કૃત્યોચ પર પ્રતિબંધ

અમદાવાદ જિલ્લાલની ગ્રામ્યક વિસ્તા?રની હદમાં આવેલ સમગ્ર વિસ્તારમાં શાંતિ અને સલામતી માટે અઢી ઈંચથી મોટા શસ્ત્ર, દંડા, લાઠી રાખવા પર તેમજ સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જાહેર સલામતી અને શાંતિ ડહોળતા ચેનચાળાવાળા ઉશ્કેજરણીજનક ભાષણો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સળગતી મસાલ,સરઘસ કે બૂમો પાડવા તેમજ પૂતળા બાળવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

જે માણસ સરકારી નોકરી અથવા કામગીરીમાં રોકાયેલ હોય તેમજ ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુંક હોય કે જેની ફરજ હોય તેને આ હુકમ લાગુ પડશે નહીં.

તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# ઘરઘાટી રાખતા પહેલા સંબંધિત પોલીસ સ્ટે૦શને જાણ કરવી

અમદાવાદ શહેરમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા માટે મકાન માલિક કે ભાડુઆતોએ ઘરઘાટી રાખતા પહેલા તેની સંપૂર્ણ વિગતો ઘરઘાટીના ફોટોગ્રાફ્સ સાથે સંબંધિત પોલીસ સ્ટેરશને જણાવવાની રહેશે એમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મેહુલ કે. દવે એ જાહેરનામામાં ફરમાવ્યું છે.

તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# વારંવાર સ્ટે માગવાની વકીલોની વૃત્તિથી કોર્ટોમાં કેસો ખેંચાય છે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૩

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે વારંવાર સ્ટે માગવાથી સુપ્રીમ કોર્ટમાં કેસો ખેંચાઈ રહે છે જેથી આ સ્ટે એક સમસ્યા બની ગયો છે. દરરોજ અપરાધિક કેસોમાં પાંચથી છ કેસોમાં સ્ટે આપવામાં આવે છે.આ પરિસ્થિતિમાં સુનાવણી નથી થઈ શકતી. જ્યારે વકીલ તૈયારી સાથે નથી આવતા તો તેના આધારે સ્ટે માગે છે. હાલના સમયમાં સુપ્રીમ કોર્ટમાં ૭૦ હજાર કેસો પેન્ડીંગ છે. મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન્ના, જસ્ટીસ યુ.યુ. લલિત, જસ્ટીસ એએમ ખાનવિલકર અને જસ્ટીસ એમ.આર. શાહે આ મામલે ચિંતા વ્યક્ત કરી છે.

જસ્ટીસ રમન્નાની કોર્ટમાં પણ એક દિવસ આવું જ થયું છે.સરકારી વકીલ એએસજી ફાઈલ વિના જ કોર્ટમાં આવી ગયા.કોર્ટે કહ્યું કે કેસના બારામાં દલીલ કરે પરંતુ એએસજીએ કહ્યું કે તેની પાસે ફાઈલ નથી. મામલો સ્થગિત (સ્ટે) કરી દો. જેથી કોર્ટે કહ્યું કે આપ દલીલ તો કરો આપને હું ફાઈલ આપું છું.જસ્ટીસ લલીતની કોર્ટમાં ૪૫ કેસ લિસ્ટેડ હતા. જેમાંથી ૧૭ કેસમાં સ્ટે (સ્થગિત) અપાયા હતાં. કોર્ટે કહ્યું કે આ અજબ વાત છે. આ રીતે સ્ટે (સ્થગિત) થવાથી આગળની પૂરી યાદી પર તેનો પ્રભાવ પડી શકે છે.

જસ્ટીસ ખાનવિલકરની પીઠે એ બાબતે નારાજગી દર્શાવી હતી કે કોર્ટની કાર્યવાહી શરુ થતા જ વકીલો સ્ટે અને પાસ ઓવર (થોડીવારનો સ્ટે) માં જવા લાગ્યા હતા. પીઠે કહ્યું હતું કે સવારે ૧૦.૩૦ વાગ્યે કોર્ટમાં બેસવાનો શું મતલબ છે. જ્યારે આપણે કઈ કરવાનું જ નથી.અહીં આવવાનો કોઈ મતલબ પણ રહ્યો નથી. દરેક કેસમાં આ જ આગ્રહ કરવામાં આવે છે. ત્યારે આ મામલે આત્મચિંતન કરવું પડશે.

કોર્ટ બારના અધ્યક્ષ વિકાસસિંહને કહ્યું હતું કે સવારે અમે એ આગ્રહ જોઈ રહ્યા છીએ કે કેસનો સ્ટે આપવામાં આવે અથવા પાસ ઓવર અપાય. એવી સીસ્ટમ હોવી જોઈએ કે જો એક વકીલ નથી તો તેની જગ્યાએ બીજો વકીલ આવે. બે દિવસ પહેલા પુર્વ જસ્ટીસ એમ.આર.શાહે પણ સ્ટે માંગવા સામે ચિંતા વ્યક્ત કરી કહ્યું હતું કે વકીલ કયારેક બીમારી પર, કયારેક પરિવારમાં કોઈ બીમાર હોવા પર સ્ટે માંગે છે. જો સ્ટે ન આપીએ તો આરોપ લાગે છે કે કોર્ટ વકીલોની વાત નથી સાંભળતી.

# સંતરામપુર ના ભોજેલા ગામે મા ચામુંડા અને પાતાલેશ્વર મહાદેવ ના મંદિર માટે થયુ ભૂમિ પૂજન




મહીસાગર જિલ્લાના સંતરામપુર મા આવેલા મા બાવન ગામ માછી સમાજ ની કુળદેવી મા ચામુંડા ની સોનાની મૂર્તિ નાખી દેવાનો ઈતિહાસ છે. બાજુમાં પાતાળેશ્વર મહાદેવનું મંદિર હતું જે જુનાકાળમા મંદિર તોડી નાખવામાં આવ્યા હતા. નવા મંદિર ના નિર્માણ માટે આજે અગિયાર કુડી યજ્ઞ કરી મહાદેવ અને મા ચામુંડા મંદિર નો શિલાન્યાસ કરવામાં આવ્યું જેમા આજુબાજુ ના ગામના આગેવાનો દ્વારા ભોજન મહાપ્રસાદ નુ આયોજન કર્યુ હતૂ મહીસાગર માછી સમાજ ના ભાવિક ભક્તભાઈબહેનો મોટી સંખ્યામાં ઉમટયા હતા. યજ્ઞમા માછી સમાજ ના પાચ દંપતિ પૂજા મા બેઠા હતા. માછી સમાજ ના આગેવાનો એ પણ પાયામાં શિલા મૂકી પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

# ગુજરાત સરકારનાપેન્શનરો માટે પાંચ ઝોનમાં આગામી તા.૦૪ જૂનના રોજ પેન્શન અદાલત યોજાશે

## પેન્શન અદાલતમાં ભાગ લેવા તા.પાંચમી મે સુધીમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે:ગૂગલ ફોર્મમાં પણ વિગતો ભરી જમા કરાવી શકાશે

ગુજરાત સરકારના પેન્શનરો માટે નાણા વિભાગ, ગાંધીનગર દ્વારા વિવિધ પાંચ ઝોનમાં તા.૦૪ જૂન ૨૦૨૨ શનિવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકથી સાંજનાં ૫.૦૦ કલાક સુધી પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવનાર છે.

રાજકોટ ઝોનમાં આવેલા દેવભૂમિ દ્વારકા,પોરબંદર, જુનાગઢ, ગીર-સોમનાથ, જામનગર, રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના પેન્શનરો માટે એ.વી.પારેખ ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ,કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ સેમીનાર હોલ, હેમુ ગઢવી હોલની સામે, ટાગોર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ગાંધીનગર ઝોનમાં આવેલા અમદાવાદ,ગાંધીનગર,મેહસાણા,ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાના પેન્શનરો માટે કોમર્સ કોલેજ, ઓડીટોરીયમ, સેક્ટર-૧૫, ગાંધીનગર તેમજ બનાસકાંઠા ઝોનમાં આવેલા કચ્છ,બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પેન્શનરો માટે કનુભાઈ મહેતા હોલ,વિદ્યામંદિર સ્કુલ સંકુલ,પોલીસ હેડક્વાર્ટર રોડ, પાલનપુર ખાતે પેન્શન અદાલત યોજાશે . જ્યારે સુરત ઝોનમાં આવેલા સુરત,વલસાડ,નવસારી, ડાંગ-આહવા, તાપી, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાના પેન્શનરો માટે ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ. પહેલો માળ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા ભાવનગર ઝોનમાં આવેલા ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાના પેન્શનરો માટે જુનો કોર્ટ હોલ, સરદાર વલ્લભાઇ પટેલ કેમ્પસ, મહારાજા કૃષણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર લેક રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે પેન્શન અદાલતોનું આયોજન કરવામાં આવશે.

વધુમાં પેન્શનરો જે જિલ્લા તિજોરી કચેરી હસ્તક પેન્શન મેળવતા હોય તે જિલ્લા તિજોરી/ પેન્શન ચૂકવણાં કચેરી, પેન્શનર સમાજ પાસેથી તથા https:// financedpartment.gujarat.gov.in અને https:// dat.gujarat.gov.in ની વેબસાઈટ પરથી અરજીનુ નિયત નમુનાનું ફોર્મ મેળવી લઇ તેમાં જરૂરી વિગતો ભરીને તા.૦૫ મે ૨૦૨૨ સુધીમાં "હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,બ્લોક નં.-૧૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર" ને મોકલી આપવાની રહેશે. પેન્શનર https://bit.ly/pension-adalat ની લીંકમાં જઈ ગૂગલ ફોર્મમાં પણ વિગતો ભરીને ફોર્મ જમા કરાવી શકાશે તેમ નાણા વિભાગની યાદીમાં જણાવાયું છે.



ભાવનગરના પત્રકારત્વ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા ભરતભાઈ વ્યાસ છેલ્લા ઘણા વર્ષોથી હનુમાન જયંતિ ના સંદર્ભમાં દાદા નો થાળ કરે છે.આ વર્ષે નો થાળ તા.૧૭/૪/૨૨ ના રોજ રામવાડી માં હતો. થાળ માં પ્રસાદી માં ×આપણા× શ્રી જીતુભાઈ (અહી ભાવનગર માં આપણે જીતુભાઈ માટે કોઈ હોદો કે પદ કે સત્તાનો, ઉલ્લેખ જરૂરી નથી, બસ ×આપણા× માં બધું આવી ગયું) એ પણ લાભ લીધો..


....જય હનુમાન જ્ઞાન ગુણ સાગર.....




ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને મહિલા સશક્તિકરણ માટે સેવારત દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા આયોજિત આત્મનિર્ભર ગ્રામ સર્જન તથા ગરિમા યોજનામાં સાધન સહાય લોકાર્પણ યોજાયો.પ્રથમ તબક્કામાં ૯૫ ગામોમાં સાઉન્ડ સીસ્ટમ ,સમારંભ માટે ખુરશી બાંકડા મોટા તપેલા અને વાસણો મંડપ પાણીની મોટરો આદિ આશરે રૂ. ૨૭ લાખથી વધુની સહાય ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાના ૨૦ ગામોને લાભ આપવામાં આવ્યો. મહાનુભાવો દ્વારા લાભાર્થીઓને સાધન સહાય વિતરણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ મંગળભાઈ , ડાંગના લોકલાડીલા ધારાસભ્ય વિજયભાઈ પટેલ , પૂજ્ય પી.પી.સ્વામી જી, તાલુકા પંચાયતના પ્રમુખ કમળાબેન રાઉત ,જિલ્લા પંચાયત સદસ્ય ભરતભાઈ ભોયે , ડાંગ સ્વરાજ આશ્રમના ટ્રસ્ટીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ,

# સીંગવડમા ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ નહિ કરાતા ગ્રામજનો પરેશાન



લીમખેડા તા.૨૩

દાહોદ જિલ્લાના સીંગવડ ગામમાં પાણીની સુવિધા ન હોવાના કારણે ગ્રામજનો આકરા ઉનાળામાં પાણી માટે વલખા મારી રહ્યા છે,

ઝાલોદના તાલુકાના ગરાડું ગ્રામવાસીઓ પાણીના સંકટ માટે ઝઝૂમી રહ્યા છે. સીંગવડ ગામના, ચુદડી રોડ, નિચવાસ બજાર, પીપલોદ રોડ, સંજેલી રોડ સહિતના વિસ્તારોમા છેલ્લા છ મહિનાથી પાણીની સમસ્યાથી લોકો પિડાઈ રહ્યા છે, ભર ઉનાળે સીંગવડ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોને મહિના મા માત્ર બે દિવસ પાણી આપવામા આવે છે, જેના કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલી પડી રહી છે, ગ્રામજનોએ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ લખીબેન વહુનીયાને વારંવાર રજુઆત કરવા છતા સરપંચ દ્વારા કોઈ જ પ્રકારની પાણીની વ્યવસ્થા કરવામા આવતી નથી, દાહોદ ના સાંસદ જસવંતસિંહ ભાભોરના માદરે વતન એવા સીંગવડ ગામ ના લોકો જ પાણી વિના તરફડીયા મારી રહ્યા છે, ગ્રામજનોએ સાંસદને પણ અનેકવાર રજુઆતો કરવા છતા પાણીની સમસ્યાનો કોઈ જ ઉકેલ લાવવામા આવતો નથી, ત્યારે હવે ભર ઉનાળે સીંગવડ ના ગ્રામજનો સ્વખર્ચે ટેક્રર દ્વારા પાણી લેવા માટે મજબુર બન્યા છે, એક તરફ કારમી મોંઘવારી થી જનતા પીડાઈ રહી છે ત્યા બીજી તરફ પાણી માટેનો ખર્ચ આવી પડતા સીંગવડના ગ્રામજનોનુ બજેટ ખોરવાયુ છે, ત્યારે સીંગવડના ગ્રામજનોની પડતી પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માંગ કરી રહ્યા છે ત્યારે લોકોને પડતી પાણીની સમસ્યાનો અંત ક્યારે આવશે તે જોવાનુ રહેશે.

# પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકો માટે યોજાશે ઈ-ઑક્શન

## ટુ-વ્હિલરના અગાઉની સીરીઝમાંબાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરુ થશે.

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા. ૦૨મે ૨૦૨૨થી૦૪ મે ૨૦૨૨ સુધીમાંઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.

ટુ-વ્હિલરના અગાઉની સીરીઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનુંઈ-ઑક્શનમાટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી rttp:/ vahan.parivahan.gov.in/ fancyપર આગામી તા. ૦૨મે ૨૦૨૨થી૦૪ મે ૨૦૨૨ સુધીમાંઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનુંરહેશે. ત્યારબાદ તા. ૦૫ અને ૦૬મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http:// vahan.parivahan.gov.in/ fancy વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથીસાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડનીરકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ રીતે થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

# મકાન ભાડે આપતા સંબંધિત પોલીસ સ્ટેરશને જાણી કરવી

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લામાં રહેણાંક કે ઔદ્યોગિક મકાન ભાડે આપતા પહેલાં ભાડૂઆતની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશને જણાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ કર્યો છે. મકાન ભાડે આપતા પહેલાં પોલીસ સ્ટેલશને માહિતી પત્રકમાં અનુક્રમે મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત ક્યા વિસ્તામાં કેટલા ચો.મી. બાંધકામ મકાન, મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યવક્તિનું નામ અને સરનામુ, મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલુ નક્કી કરેલ છે તે રકમ રૂપિયામાં, કઇ વ્યોક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા, ફોટો, સહી સરનામા અને સંપર્ક સાથેની સંપૂર્ણ વિગતો,જેમાં ભાડૂઆતનું મૂળ નામ, રહેવાશી, ધંધો, ધંધાનૂં સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગતો, મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યરક્તિ, એજન્ટ્-બ્રોકરની તમામ વિગતો તેમજ અન્ય વિગતો વાળા સાત કોલમવાળી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા.૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# અમદાવાદ જીલ્લા સંકલન સમિતિની બેઠક ૩૦ એપ્રિલ ૨૦૨૨એ યોજાશે

અમદાવાદ જીલ્લા સંકલન સમિતિ અને નિવાસ અધિક કલેકટરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ૩૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ જીલ્લા સંકલન સમિતિની બેઠક યોજાશે.

આબેઠકમાંજીલ્લા પ્રમુખ શ્રી / માન. સંસદસભ્યશ્રી/ માન. ધારાસભ્યશ્રીઓના મુદ્દાઓ તેમજ કોવીડ-૧૯ વેક્સિનેશનની માહિતી, માન.કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રીની ગુજરાત મુલાકાત દરમ્યાન સોપવામાં આવેલ કામગીરીની સમીક્ષા, સાંસદ આદર્શ ગ્રામ યોજના અંગેની સમીક્ષા, સી.એમ. ડેશબોર્ડ અંતગર્તની કાર્યવાહીની સમીક્ષા, એમ.પી./ એમ.એલ.એ. શ્રીના રેફરન્સનો નિકાલ તેમજ પી.જી પોર્ટલ, જનસંવાદઅને જીલ્લા સંકલન પત્રક જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

# અમદાવાદ ગ્રામ્યત જિલ્લા માં મજૂરો તેમજ કારીગરોની માહિતી પોલીસ સ્ટેવશને આપવી

અમદાવાદ શહેર બોપલ પોલીસ સ્ટે શન વિસ્તા રમાં મકાન બાંધકામ માટે મજૂરો, કડિયા અને કારીગરો બહારગામ કે રાજય બહારથી રોજગારી અર્થે કામ કરે છે. જાહેર સલામતી અર્થે આ સર્વેની સંપૂર્ણ વિગતો નજીકના પોલીસ સ્ટેગશને જણાવવા અધિક જિલ્લાબ મેજિસ્ટ્રે ટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ કર્યો છે.

જે તે વિસ્તા રના મુકાદમો કે કોન્ટ્રા કટરો કામકાજ માટે મજૂરો લાવે છે તેમની નોંધણી પોલીસ સ્ટેતશનમાં ફરજિયાત કરવાની રહે છે. બહારથી આવનાર આ લોકો સર્વે આધારિત ગુના આચરે કે ગુનાગારીમાં મદદ કરે ત્યાકરે જાહેર હિત માટે તેમની સંપૂર્ણ જાણકારી પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી છે.

બોપલ ઉપરાંત અમદાવાદ જિલ્લો ગ્રામ્યર વિસ્તાારની હદમાં આવેલી કામગીરીની દરેક સાઈટ પર કામ કરનાર મજૂર, કડિયા કે કારીગરની નોંધણી કરવાની ફરજીયાત છે. તેમની સંપૂર્ણ વિગતો નિયમિત રીતે પોલીસ સ્ટે,શનમાં જણાવવાની રહેશે. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# અંધજન મંડળ વસ્ત્રાપુર દ્વારા વઘઈ સોમિલામાં કામ કરતા લોકો ને અનાજની કીટ વિતરણ કરવામાં આવી



ડાંગ જિલ્લાનાં પ્રવેશદ્વાર વઘઇ ખાતે આવેલ સરકારી સોમીલમા કામ કરતા ગરીબ મજૂરો અને ભરવાડ ફળિયા તેમજ આજુબાજુ વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોમાં અમદાબાદ નાં વસ્ત્રાપુર ખાતે આવેલ અંધજન મંડળનાં ડેપ્યુટી ડાયરેકટર અરીંદમભાઈ રાયઅને રમેશભાઈ પટેલ આર્કેશભાઈ પટેલ, પ્રકાશભાઈ જોશી દ્વારા ડાંગ જિલ્લાનાં શિવારીમાળ ખાતે દિવ્યાંગ વ્યક્તિઓને રોજગાર લક્ષી સાધનોનું વિતરણ કરાયું હતું જેથી દિવ્યાંગોનું જીવન ધોરણ આવે અને આર્થિક રીતે સદર થાય ડાંગ જિલ્લામાં આજદિન સુધી ટોટલ ૨૧૬ દિવ્યાંગોને સાધનો આપ્યા હોવાનું જણાવ્યું હતુ જયારે આજરોજ સોમિલ ખાતે અનાજની કીટ નું વિતરણ કરાયું હતું જેમાં ચોખા,લોટ,તેલ,,તુવેરદાલ, ન્હાના ધોવાના સાબુ,મીઠું સહિતની વસ્તુઓ ભરેલી કીટ આશરે સૌ થી વધુ અનાજની કીટ વિતરણ કરી માનવતાની મહેક પ્રસરાવી હતી જ્યારે એવી કાળઝાળ ગરમી અને મોંઘવારીના સમયે છૂટક મજૂરી કરી બે ટંકનો જમવાનું પણ ન છોડાવી શકતા ગરીબ અને જરૂરીયાતમંદ પરિવારોમાં આજરોજ અનાજની કીટ મળતાં ખુશીનો માહોલ સર્જાયો હતો

નરેન્દ્ર પવાર,ડાંગ



ધંધુકા નગરમાં આવેલા સુપ્રસિધ્ધ દેવાધિદેવ મહાદેવ ભદેશ્વર મંદિરે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ચાલી રહેલ છે જેના વ્યાસ પિંડ ઉપર પુ શ્રી સતીશપુરી બાપુ પોતાની આગવી શૈલીમાં રસપાન કરાવિ રહેલ કથા ના વકતાનુ મેલડી માતાજી ના બન્ને ભક્તો મોહનભાઈ મકવાણા તથા કિર્તીભાઇ દવે બાપુ નું ફુલહાર આને સાલ , ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.




શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભાટ ખાતે તારીખ ૨૦ એપ્રિલના રોજ નિકોલ વિસ્તારની પ્રખ્યાત સંસ્થા સહજાનંદ વિદ્યાલય ના ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે સંસ્થામા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં વિદ્યાર્થી મિત્રોને " ધોરણ ૧૨ પછી શું? વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમો (કમ્પ્યુટર,આઇ.ટી, મિકેનિકલ, સિવિલ) ની માહિતી આપી હતી તથા વિદ્યાર્થીઓને એડમિશન પ્રોસેસ ની માહિતીની સાથે સાથે ઓનલાઇન પ્રોસેસ કઈ રીતે કરવી તેની ચોક્સાઈ ની અગત્યની જાણકારી આ સેમિનારમાં આપવામાં આવી હતી. આની સાથે સંસ્થા માં થતી બીજી ટેકનીકલ પ્રવુતિની જાણકારી આપવામાં આવી હતી. હાલ ન્યૂ ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ભારત સરકાર ના માધ્યમથી સ્ટાર્ટઅપ બિઝનેસ માટે મળતી ૨૦ લાખ રૂપિયાની સહાય તેમજ સંસ્થામાં ચાલતા સ્ટાર્ટઅપ ઈનોવેશન સેલ ની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સહજાનંદ વિદ્યાલય ના શિક્ષકો પણ જોડાયા હતા. આવનારા સમયમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ સાયબર સિક્યુરિટી અને રોબોટિક ટેક્નોલોજીથી માહિતગાર કર્યા હતા.

## વિશ્વ પુસ્તક દિવસે લમના કસબી ગ્રુપના ૬ એડમિનના

# સુંદર પુસ્તક શબ્દ સુગંધ-૨ નું આજે સંસ્કારને સાંસ્કૃતિક નગરી વડોદરામાં વિમોચન કરવામાં આવ્યું




વિશ્વ પુસ્તક દિવસે કલમના કસબી ગ્રુપના ૬ એડમિનની સુંદર ગુજરાતી ભાષા પ્રત્યેના અગાઢ માતૃભાષાની ભક્તિ શક્તિ દ્વારા બહાર પડેલું સુંદર પુસ્તક શબ્દ સુગંધ-૨ (ગદ્ય) નું આજે સંસ્કાર ને સાંસ્કૃતિક નગરી વડોદરામાં વિમોચન કરવામાં આવ્યું.

વિમોચન કર્તા તરીકે વડોદરાનાં લેખિકા શ્રી. સરલાબેન સુતરિયા તેમજ અતિથિ વિશેષ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ના તંત્રી શ્રી. પ્રદીપભાઈ રાવલના શુભ હસ્તે કરવામાં આવ્યું. લેખિકા શ્રી. મેધાવિની રાવલ પણ અહીં ઉપસ્થિત રહ્યાં તેનો આનંદ અનેરો રહ્યો.તંત્રી શ્રી પ્રદીપભાઈ ને લેખિકા શ્રી. સરલાબેન સુતરિયા સુંદર નવા લેખક લેખિકાઓને પ્રોત્સાહન આપ્યું. અમારી એડમીન ટિમે આવા સુંદર નવા લખતા યુવક યુવતીઓને સરસ મોકો પૂરો પાડ્યો છે. માતૃભાષાની આવી સેવા સંચાલક જીજ્ઞા કપુરિયા ને સહ સંચાલક મનીષ વોરા તેમજ નિર્ણાયક ટીમ વંદનાબેન વાણી , આરતી રામાણી, આરતી મર્ચન્ટ અને જયશ્રી પટેલની અદ્ભૂત રંગ લાવી છે.

અમારી મનો ભાવના છે કે આવા જ શબ્દોની સુગંધ મહેકતી રહે. તેની આ મહેક સાહિત્ય જગતને મહેકાવતી રહે. અમારા લેખક લેખિકાનાં અમે આભારી છીએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.